# ભાજપના નેતાનો દિકરો બિયરના ટીન સાથે પકડાયો

## પુન્દ્રાસણ સર્કલ પાસેથી ત્રણ મિત્રો ગાડીમાં ચાર બિયર મુકીને નિકળ્યા હતા

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર મ્યુનિ. કોર્પોરેશનના ભાજપના નેતાનો દિકરો તથા તેના બે મિત્રો ગાડી લઈને પુન્દ્રાસણ સર્કલ પાસેથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પેથાપુર પોલીસે તેમની ગાડી રોકીને ચેકીંગ કર્યુ તો ગાડીમાંથી ચાર બિયરના ટીન પકડાયા હતા. પેથાપુર પોલીસે ચારેય ટીન અને ગાડી કબ્જે લઈ ત્રણેય સામે ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર પોલીસ મથકના સિનિ. પીએસઆઈ ડી. બી. વાળા તેમની ટીમ સાથે ગઈ મોડી સાંજે પુન્દ્રાસણ રોડ પર પેટ્રોલીંગમાં હતા ત્યારે ગાડી નં. જીજે૧૮એ.એચ.૬૪૫૮ પુન્દ્રાસણ સર્કલ પાસેથી શંકાસ્પદ રીતે પસાર થતાં પોલીસની ટીમે ગાડી ઉભી રખાવી તપાસ કરી હતી. ગાડી ચેક કરતાં અંદરથી ૪ નંગ બિયરના ટીન મળી આવ્યા હતા. ગાડીમાં ત્રણ યુવાન મિત્રો બેઠા હતા. જેમાં એક ભાજપના નેતાનો પુત્ર હતો. પેથાપુર પોલીસે રૂ. ૨ લાખની ગાડી અને રૂ. ૪૦૦ના બિયરના ટીન જપ્ત કરીને સેક્ટર-૫-સી પ્લોટ નં. ૧૬૬૧માં રહેતા પટેલ જયેન્દ્ર નટવરભાઈ, સે. ૧૩ પુષ્પક એપાર્ટમેન્ટમાં રહેતા રાકેશ ગોવિંદભાઈ પરમાર અને ગોસ્વામી રાજપુરી રમેશપુરી મળીને ત્રણેયની ધરપકડ કરી કાયદેસરની કાર્યવાહી આરંભી છે.

## પોર ગામના યુવાનનો શરીરે કેરોસીન છાંટી આપઘાત

ગાંધીનગર નજીક સ્થિત પોર ગામમાં રહેતા અને માનસિક અસ્થિરતાનો ભોગ બનેલા ૨૫ વર્ષિય મેહુલ હરજીવનભાઈ પરમારે વિસેક દિવસ અગાઉ દવા પી લીધી હતી. જો કે હોસ્પિટલમાં લઈ જવાતા સમયસર મળેલી સારવારને પગલે તે બચી ગયો હતો. દરમ્યાન આજે બપોરના અરસામાં શરીરે કેરોશીન છાંટીને દિવાસળી ચાંપી દઈ આપઘાત કરી લેતા ચકચાર મચી જવા પામી છે. અડાલજ પોલીસે અકસ્માત મોતનો ગુનો દાખલ કરીને ગુનાની તપાસ આરંભી છે.

# રૂ. ૩૦૦ માટે મુસાફરો ભરેલી બસ પોલીસ સ્ટેશન લઈ જવાઈ

## ડેપોમાં બસમાં ચઢતી વખતે વૃદ્ધ મુસાફરનું પાકીટ ગાયબ થતા આખી બસ મુસાફરો સાથે પોલીસ સ્ટેશન દોડાવાઈ : પોલીસે એક કલાક સુધી બધા મુસાફરોનું ચેકીંગ કર્યુ પણ કાંઈ ન મળ્યુ

ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગરમાં આજે સમી સાંજે એક વિચિત્ર બનાવ બન્યો હતો. માણસાના વૃદ્ધ બિપીનભાઈ પરમાર ગાંધીનગર એસટી ડેપોથી માણસા જવા બસની રાહ જોઈને બેઠા હતા. બાપુનગર-દેવડા રૂટની બસ આવતા બિપીનભાઈ બસમાં ચઢ્યા પરંતુ તેટલામાં તેમનું પાકીટ ગાયબ થઈ ગયું હોવાનું તેમના ધ્યાને આવ્યું હતું.

ડ્રાઈવર-કંડક્ટરને વૃદ્ધે પાકીટ ચોરી અંગે ઉગ્ર ફરીયાદ કરીને આશરે ૫૦ જેટલા મુસાફરો ભરેલી બસ પોલીસ સ્ટેશને લઈ જવાનો આગ્રહ કરતા ડ્રાઈવરે આખી બસ સે. ૭ પોલીસ સ્ટેશન ફેરવી દીધી હતી. તેમના પાકીટમાં બસનો પાસ, આઈકાર્ડ અને માત્ર રૂ. ૩૦૦ રોકડા હતા. રૂ. ૩૦૦ માટે ૫૦ મુસાફરોને અટકાવી રાખી બસ પોલીસ સ્ટેશને લઈ જઈ તમામના ચેકીંગ કરાવડાવ્યા હતા. પોલીસે બસના તમામ મુસાફરોની તપાસ એક કલાક સુધી કરી પરંતુ કોઈની પાસેથી પાકીટ મળ્યું નહી..! અંતે ક્યાંક પાકીટ પડી ગયુ હશે તેમ માની એક કલાક બાદ બસ ફરી રૂટ પર દોડાવાઈ હતી.


(તસવીર : કશ્યપ નિમાવત)

# આજે ગાંધીનગરમાં

## આજનો દિવસ

સૂર્યોદય : ૬.૦૪
સૂર્યાસ્ત : ૭.૨૯

## તાપમાન

મહત્તમ : ૩૬.૫ ડિ.સે.
લઘુત્તમ : ૨૮.૮ ડિ.સે.

## ભેજનું પ્રમાણ

સવારે ૭૧ ટકા ● સાંજે ૫૧ ટકા

## મનોરંજન

### સિટીપલ્સ

**સ્ક્રીન-૨ :**
બાહુબલી : ૩.૩૦, ૧૦.૦૦
આઈ લવ એન.વાય : ૬.૩૦

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧૨.૩૦
આઈ લવ એન.વાય : ૪.૦૦, ૧૦.૧૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૭.૦૦

**સ્ક્રીન-૪ :**
આઈ લવ એન.વાય : ૧૦.૦૦, ૧૨.૪૫
ઠાકોર નં. ૧ (ગુજરાતી) : ૧૨.૧૫
ગુડુ રંગીલા : ૪.૧૫, ૧૦.૪૫
જુરાસિક વર્લ્ડ (હિન્દી) (૨ડી) : ૭.૪૫

**સ્ક્રીન-૫ :**
દિલ દે કે દેખો : ૧૦.૦૦
તનુ વેડસ મનુ ૨ : ૧.૦૦
એબીસીડી - ૨ : ૩.૪૫, ૧૦.૦૦
બાહુબલી : ૬.૪૫

### સિનેમેક્સ

**સ્ક્રીન-૧ :**
૩ડી મીનીયન (અંગ્રેજી) :૧૦.૦૦, ૬.૧૦, ૮.૨૦
એબીસીડી ૨ (૩ડી) : ૧૨.૧૦
જુરાસિક વર્લ્ડ (૩ડી) : ૩.૨૫
ટર્મીનેટર જેનીસીસ (હિન્દી) (૩ડી) : ૧૦.૩૦

**સ્ક્રીન-૨ :**
બાહુબલી :૯.૦૦, ૧૨.૦૦, ૩.૨૦, ૬.૪૦, ૧૦.૦૦

**સ્ક્રીન-૩ :**
બાહુબલી : ૧૦.૪૫, ૨.૦૫, ૮.૪૫
પ્રેમજી : રાઈઝ ઓફ વોરિયર (ગુજરાતી) : ૫.૨૫

**સ્ક્રીન-૪ :**
જુરાસિક વર્લ્ડ (૨ડી) (હિન્દી) : ૧૦.૪૫
આઈ લવ એન.વાય (હિન્દી) : ૧.૦૦
એબીસીડી ૨ (૩ડી) : ૩.૪૫, ૯.૫૦
હમારી અધુરી કહાની (હિન્દી) : ૭.૦૦

## આપની આજ

**મેષ** : કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે. નવા સંબંધ બનશે. માનસિક શાંતિ જાળવી રાખવી. સફળ યાત્રાનો યોગ બની રહ્યો છે.

**વૃષભ** : નવા પ્રસ્તાવ પ્રાપ્ત થઈ શકે છે. કૌટુંબિક સુખમાં વૃદ્ધિ થશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. ધર્મ આધ્યાત્મ સંબંધી ચિંતનનો યોગ. ધાર્મિક કાર્યો માટે વિશેષ યાત્રા પ્રવાસ થશે.

**મિથુન** : આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલબ્ધિ મળી શકશે. ઋણ સંબંધી કાર્યોમાં સંય રાખવું. તમારા વ્યવહારને સંયમિત રાખીને કાર્ય કરવું. કૌટુંબિક ઉન્નતિ થશે.

**કર્ક** : મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે. નવા આર્થિક સ્રોત પર કાર્ય થશે. વિવાદિત નિર્ણય પક્ષમાં આવી શકે છે.

**સિંહ** : નવી યોજનાઓ બનશે જેનો લાભ ભવિષ્યમાં પ્રાપ્ત થઈ શકે છે. આર્થિકક્ષેત્રે વિશેષ યાત્રાઓ થશે. ધૈર્યથી વ્યાપારિક કાર્યોને પૂર્ણ કરો નવા કાર્યોથી દૂર રહો. વ્યાપારમાં ભાગ્યવર્ધક સફળતા પાપ્તિનો યોગ.

**કન્યા** : સામાજિક કાર્યોમાં પ્રતિષ્ઠામાં વૃદ્ધિના કાર્ય થશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે. મનોરંજન, સંતાન સંબંધી કાર્યોમાં ધન ખર્ચ થશે.

**તુલા** : સામાજિક કાર્યોમાં સમય પસાર થશે. ઋતુ અનુસાર ખાનપાન કરવું. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે. કર્મક્ષેત્રમાં ભાગ્યવર્ધક પરિવર્તનનો યોગ બની રહ્યો છે. ધર્મ સંબંધી કાર્યોમાં સમય પસાર થશે.

**વૃશ્ચિક** : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યાપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે. શુભ માંગલિક કાર્યનો યોગ બનશે. પૈતૃક આર્થિક સ્થિતિમાં લાભ થશે.

**ધન** : ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે. પ્રેમ સંબંધમાં સફળતા મળવાનો યોગ છે. વ્યસ્તતામાં વધારો થશે. નવીન કાર્ય કરવાની તક પણ વધશે.

**મકર** : આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો. શિક્ષા, સંતાન, પ્રતિસ્પર્ધાત્મક પરીક્ષા સંબંધી ભાગ્યવર્ધક યોગ બની રહ્યા છે.

**કુંભ** : કુટુંબના સહયોગથી દિવસ ઉત્સાહપૂર્વક પસાર થશે. તમારા પ્રયાસોની લોક પ્રશંસા કરશે. સહયોગીઓથી લાભ મળવાની સંભાવના છે. આવકમાં વધારો થઈ શકે છે.

**મીન** : સારા લોકોથી મુલાકાત થઈ શકે છે, જે તમારા હિતચિંતક રહેશે. વિચારો સકારાત્મકા અને આશાજનક પ્રવૃત્તિ રાખવી. કાર્યની ગતિ વધશે.

## ચિરવિદાય

- સ્વ. પટેલ કાન્તીભાઈ ઈશ્વરભાઈ (ઉ.વ.૯૫) ૫૬૨એ, સે-૨૨, ગાંધીનગર
- સ્વ. જગન્નાથ રામલખન પારેખ (ઉ.વ.૬૯) પ્લોટ નં. ૩૪૪/બી, સે-૨૮, ગાંધીનગર
- સ્વ. ઠાકોર બકાજી જેન્તીજી (ઉ.વ.૨૪) મુ. ચાંદીસણા, તા. કલોલ, જી. ગાંધીનગર

## હવેલી મંદિરમાં રથયાત્રા માટે સમયમાં ફેરફાર

ગાંધીનગર, તા. ૧૫

સેક્ટર-૨૧માં આવેલ શ્રીજીશ્રી ગોવર્ધનનાથજીની હવેલી ખાતે રથયાત્રા માટે દર્શનના સમયમાં ફેરફાર કરવામાં આવ્યો છે. મંગળા સવારે ૭.૩૦ થી ૮.૦૦, શૃંગાર ૧૦.૦૦ થી ૧૦.૩૦, રાજભોગ ભીતરમાં જેમાં પહેલો ભોગ ૧૧.૩૦ થી ૧૨.૦૦, બીજો ભોગ ૧૨.૩૦ થી ૧૩.૦૦, ત્રીજો ભોગ ૧૩.૩૦ થી ૧૪.૦૦ અને ચોથો ભોગ ૧૪.૩૦થી ૧૫.૦૦ કલાકે ધરાશે. શયન દર્શન ૧૭.૦૦ થી ૧૭.૩૦ કલાક દરમિયાન કરાશે. ઉત્થાપન અને સંધ્યા આરતી ભીતરમાં થશે જેની ગાંધીનગરમાં રહેતા વૈષ્ણવ સમાજે નોંધ લેવી.

## પ્રવાસન નિગમ કમિટીમાં બિન હરીફ ચૂંટાયા

ગાંધીનગર, તા. ૧૫

ગુજરાત પ્રવાસન નિગમ કર્મચારી ધિરાણ અને ગ્રાહક સહકારી મંડળીમાં વ્યવસ્થાપક કમિટીમાં ત્રણ ઉમેદવાર બિન હરીફ ચૂંટાઈ આવ્યા છે.

મંડળીની વ્યવસ્થાપક કમિટીમાં ત્રણ કર્મચારી નિવૃત્ત થતા ખાલી પડેલી જગ્યા માટે ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. જેમાં ગૌતમભાઈ સી. ત્રિવેદી, હેમંતકુમાર આર. સુતરિયા અને નવિનચંદ્ર એ. રાઠોડ બિન હરીફ ચૂંટાઈ આવતા કમિટીમાં સ્થાન પામ્યા છે.

# સેક્ટર-૮માં પરિણીતાનો પિયર જવા પર પાબંધીથી કંટાળી ગળેફાંસો

## પંખે નાયલોન દોરી બાંધીને આપઘાત કરી લીધો : સાસુ, સસરા, પતિ અને બે મામાજી સામે આપઘાત કરવા દુષ્પ્રેરણા બદલ ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૧૫

શહેરના સે. ૮ ખાતે સ્થિત એક પુર્વ મંત્રીના બંગલામાં ભાડે રહેતી ૩૦ વર્ષિય પરિણીતાએ રાત્રી દરમિયાન પોતાના ઘરમાં જ પંખે નાયલોન દોરી બાંધીને ગળેફાંસો ખાઈ લેતા ચકચાર મચી જવા પામી હતી. પતિ સવારે ઊઠ્યો ત્યારે પત્નિને પંખે લટકતી જોઈને ચોંકી ગયો હતો. પોલીસ અને એફએસએલની ટીમ ઘટનાસ્થળે પહોંચી ગઈ હતી અને અકસ્માત મોતનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. તો બીજી તરફ મૃતક પરિણીતાના પિતાએ પતિ, સાસુ, સસરા અને બે મામાજી સામે આપઘાતના દુષ્પ્રેરણ અંગે ફરીયાદ નોંધાવી છે. જેમાં ઉલ્લેખ છે કે પિયર જવા પર સદંતર પાબંધી કરી દેવાઈ હોવાથી કંટાળેલી તેમની દિકરીએ અંતિમ પગલુ ભર્યુ છે. પોલીસે તે દિશામાં પણ તપાસ શરૂ કરી છે.

પ્રાપ્ત માહિતી મુજબ સે. ૮ ચર્ચની સામેના વિસ્તારમાં સ્થિત બંગલા નં. ૮૧૦ ખાતે ભાડે રહેતો ચિન્મય પટેલ આજે વહેલી સવારે ઉઠ્યો તો તેની પત્નિ ૩૦ વર્ષિય પુર્વી પંખે નાયલોન દોરી બાંધીને ગળેફાંસો ખાઈ આપઘાત કરી દીધેલી હાલતમાં નજરે ચઢી હતી. ચિન્મયે પોલીસને જાણ કરતાં સે. ૭ પોલીસ તથા એફએસએલ બનાવ સ્થળે પહોંચી ગઈ હતી. મૃતકના પરિવારજનોના હત્યાના આક્ષેપને પગલે બારીકાઈથી તપાસ કરતાં આત્મહત્યા હોવાનું બહાર આવ્યું હતું. મૃતદેહ પોસ્ટમોર્ટમ કરાવી પોલીસે તપાસ શરૂ કરી છે. આ પ્રકરણમાં મૃતક પુર્વીના પિતા જયંતિભાઈ અંબાલાલ પટેલે સે. ૭ પોલીસને ફરીયાદ આપી છે કે પતિ ચિન્મય દશરથભાઈ પટેલ, સસરા દશરથ સોમાભાઈ પટેલ, સાસુ હસુબેન દશરથભાઈ પટેલ તથા બે મામાજી ઉપેન્દ્ર કેશવલાલ પટેલ અને દિલીપ ઉર્ફે હસમુખ કેશવલાલ પટેલે આપઘાત માટે તેમની દિકરીને મજબુર કરી છે. લગ્ન બાદ આજ દિન સુધીમાં પિયર જવા પર પાબંધી લગાવી દેતા કંટાળી ગયેલી પુર્વીએ આપઘાત કર્યો હોવાની ફરીયાદને આધારે સે. ૭ પોલીસે તપાસ આરંભી છે.



## મુસ્લિમ સમાજ રથયાત્રાનું સ્વાગત કરશે

આગામી ૧૯ જુલાઈના રોજ શહેરમાં ભગવાન જગન્નાથજીની રથયાત્રા નીકળશે. સેક્ટર-૨૮ ગાર્ડન ખાતે મુસ્લિમ સમાજ રથયાત્રાનું સ્વાગત કરશે.

## કુ. કાજલ ચાવડાએ 'ગામડાની ભોળીમા' રજૂ કરી બીજુ સ્થાન મેળવ્યું

ગાંધીનગર, તા. ૧૫

'ગામડાની ભોળી મા' વિષય પર એકપાત્રીય અભિનય કરી ચૌધરી કોલેજની કુ. કાજલ ચાવડાએ કલ્ચરલ ફોરમ આયોજિત પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અભિનય સ્પર્ધામાં બીજુ સ્થાન મેળવી શાળાનું સ્થાન મેળવી શાળાનું સ્થાન ઉંચુ કર્યુછે. કલ્ચરલ ફોરમ ગાંધીનગર દ્વારા પદ્મશ્રી ઉપેન્દ્ર ત્રિવેદી અભિનય સ્પર્ધા યોજવામાં આવી હતી. જેમાં શહેરની કોલેજના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક પોતાનામાં રહેલી કલાને સ્ટેજ પર બતાવી હતી. કુ. કાજલ ચાવડાએ દ્વિતીય સ્થાન મેળવતા પ્રમાણપત્ર અને ટ્રોફી એનાયત કરવામાં આવી હતી. કોલેજના આચાર્ય ડૉ. ઉર્મિલાબેન ચૌધરી અને પ્રાધ્યાપકોએ અભિનંદન પાઠવ્યા હતા.

## સે-૬-બી ખાતે રથયાત્રાનું સ્વાગત કરાશે

ગાંધીનગરમાં સતત ૩૧મા વર્ષે પરંપરાગત રીતે ભગવાન જગન્નાથની રથયાત્રા નીકળશે. ત્યારે સે-૬-બી સ્વામિનારાયણ મંદિર પાસે કનુભાઈ દવે અને સમાજ અગ્રણી શ્રીમતી પ્રતિભાબેન દવે રથયાત્રાનું ભવ્યાતિભવ્ય સ્વાગત કરી આરતી ઉતારશે.

# સેક્ટર-૨૮માં પરિણીતાને આપઘાત માટે મજબુર કરનાર સાસરીયા સામે ફરીયાદ

## પોલીસે મૃતક માતા સામે દિકરીની હત્યાનો ગુનો દાખલ કર્યો : પરિણીતાના પિતાની ફરીયાદ આધારે સાસુ, સસરા, પતિ અને નણંદ સામે પણ ગુનો દાખલ કર્યો

ગાંધીનગર, તા. ૧૫

સે. ૨૮ ખાતે મંગળવારે પોતાના મકાનમાં વહેલી સવારે માતા-દિકરી મૃત હાલતમાં મળી આવ્યા હતા. સગર્ભા માતાએ પંખે લટકી આપઘાત કરી દીધો હતો અને તે પહેલા પોતાની ૪ વર્ષની દિકરીની હત્યા કરી નાંખી હોવાનું બહાર આવ્યું છે. આ પ્રકરણમાં પોલીસે મૃતક પરિણીતા સામે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. જ્યારે મૃતકના પિતાએ ફરીયાદ આપી છે કે તેમની દિકરીને સાસુ, સસરા, પતિ, નણંદ ત્રાસ આપીને આપઘાત કરવા મજબુર કરી છે. સે. ૨૧ પોલીસે ગુનો નોંધી ડીવાયએસપી એલ.સી., એલટી સેલે તપાસ આરંભી છે.

સે. ૨૮ સરકારી મકાનના બ્લોક નં. ૨૮/૬ ખાતે રહેતા એસઆરપી કોન્સ્ટેબલની પત્નિ ગાયત્રીબાએ તેણીની ૪ વર્ષની દિકરીની હત્યા કરીને ગળે ફાંસો ખાઈ લીધો હતો. પ્રાથમિક તબક્કે દિકરીની હત્યા કોણે કરી તે અંગે સવાલો હતા પરંતુ પોલીસ તપાસમાં માતાએ જ હત્યા કરી હોવાનું ખુલતા મૃતક માતા ગાયત્રીબા સામે હત્યાનો ગુનો દાખલ કર્યો છે. તો બીજી તરફ ગાયત્રીબાના પિતા ખોરજના રહેવાસી તખુજી અર્જુનજી ડાભીએ સાસરીયાઓ સામે ફરીયાદ આપી છે. પતિ મહાવિરસિંહ શંકરજી ચાવડા, સસરા શંકરજી મગનજી ચાવડા, સાસુ વિણાબા શંકરજી ચાવડા અને નણંદ રચના શંકરજી ચાવડા ૨૦૦૯થી આજ દિન સુધી એક સંપ થઈને ગાયત્રી બા પાસે દહેજની માંગણી કરી, કામકાજ બાબતે અવારનવાર મ્હેણાંટોણાં મારીને મારઝુડ કરી આપઘાત કરવા મજબુર કરી હોવાની ફરીયાદ મૃતક ગાયત્રીબાના પિતાએ આપતા સે. ૨૧ પોલીસે ચારેય સામે ગુનો દાખલ કરી ઊંડી તપાસ શરૂ કરી છે.

# શહેર કોંગ્રેસે યુપીએસસી પાસ ઉત્સવ પરમારનું સન્માન કર્યું



ગાંધીનગર, તા. ૧૫

ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ સમિતિ દ્વારા આજે શહેરના યુપીએસસી પાસ ઉમેદવાર ઉત્સવ પરમારનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો. ઉત્સવ પરમારે યુપીએસસી પાસ કરી ગાંધીનગરને ગૌરવ અપાવ્યું છે.

ગુજરાતના યુવાનો હવે સનદી અધિકારી બની રહ્યા છે. એક સમય માટે ગુજરાતના લોકોને વેપારી તરીકે ઓળખવામાં આવતા હતા. ઉચ્ચ કક્ષાએ ગુજરાતના અધિકારીઓ ખુબ જ ઓછા હતા પરંતુ હવે ગુજરાતી ભાઈ વેપારી નહિ પણ અધિકારી બની રહ્યા છે.

ગાંધીનગરના ઉત્સવ પરમાર અનો અન્ય ચાર ઉમેદવારો યુપીએસસી પાસ કરી આગામી સમયમાં ઉચ્ચ પદ શોભાવશે. ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ મુકેશ પટેલ, સુર્યસિંહ ડાભી, નિશિત વ્યાસ, ધારાસભ્ય અમિત ચૌધરી સહિતના અગ્રણીઓની ઉપસ્થિતિમાં ઉત્સવ પરમારનો સન્માન સમારોહ યોજવામાં આવ્યો હતો.

ધારાસભ્ય અમિત ચૌધરી જિલ્લા કોંગ્રેસ પ્રમુખ સુર્યસિંહ ડાભી, મહામંત્રી નિશિત વ્યાસે ઉત્સવ પરમારને શાલ ઓઢાડી હતી. શહેર પ્રમુખ મુકેશ પટેલે બુકે અને પેન આપી સન્માન કર્યું હતું અને શુભકામનાઓ પાઠવી હતી. આ પ્રસંગે ચિમન વિંઝુડા, નામદેવ વર્સાત, કે.પી. સોલંકી સહિતના કોંગ્રેસી કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા.

# ઉચ્ચ કક્ષાના આઈપીએસ અધિકારીઓના હોદ્દાનું નવું નામાભિધાન કરવા સૂચન

ગાંધીનગર, તા.૧૫

ગાંધીનગરના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના નિવૃત્ત મદદનીશ નિયામક વિરાભાઈ પટેલ દ્વારા રાજયના મુખ્યમંત્રી આનંદીબેન પટેલને રાજયના આઈપીએસ પોલીસ અધિકારીઓના હોદ્દાના નામાભિધાનમાં ફેરફાર કરવા સૂચન કર્યું છે. વિરાભાઈના મતે રાજયના પોલીસતંત્રમાં ઉચ્ચ કક્ષાએ ફરજ બજાવતા આઈપીએસ અધિકારીઓના હોદ્દાના નામાભિધાનથી તેમના હોદ્દાનો મોભો જળવાઈ રહેવો જોઈએ અને તે માટે જુના નામાભિધાનમાં ફેરફાર કરવાની આવશ્યકતા છે.

રાજયમાં ડીજીપી સંવર્ગની ચાર જગ્યાઓ છે. જેમાંથી એક અધિકારીની સમગ્ર પોલીસ તંત્રના વડા તરીકે નિમણુંક કરાય છે તેમના માટે ચીફ ડીજીપીના હોદ્દાનું નામાભિધાન કરવા સુચન કરવામાં આવ્યું છે. સામાન્ય રીતે પોલિસ તંત્રમાં આઈપીએસ સંવર્ગના અધિકારીઓના હોદ્દામાં નાયબ પોલિસ કમિશનર, એડીશનલ પોલિસ કમિશનર, જોઈન્ટ પોલીસ કમિશનર, કમિશનર ઓફ પોલીસના હોદ્દા આપવામાં આવે છે. તેના સ્થાને ડીવાયએસપીને આસિસ્ટન્ટ કમિશનર ઓફ પોલીસ, ડીએસપીને ડેપ્યુટી કમિશનર ઓફ પોલીસ, ડીઆઈજીપીને જોઈન્ટ કમિશનર ઓફ પોલીસ, આઈજીપીને કમિશનર ઓફ પોલીસ તેમજ સિનિયર આઈજીપી અથવા એડીશનલ ડીજીપી કેડરને ચીફ કમિશનર ઓફ પોલીસના હોદ્દાનું નામાભિધાન કરવા સૂચન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેર પોલીસમાંથી એડીશનલ કમિશનર ઓફ પોલીસના હોદ્દા દૂર કરવા પણ સૂચન કરવામાં આવ્યું છે.